Mo : 95748 95000

**N.R.MANIYA** *(Advocate)*

201, Roman Point, Hirabaug, Varachha Road, Surat.

**Ref.:** **Date : 13.01.2020**

# -:: ENCUMBRANCE CERTIFICATE ::-

This is to Certify that, I the undersigned has investigated the title of the immovable property which is more particularly described in herein under in "Schedule of the property" Which is owned by **M/S. SARAL INFRA A Partnership Firm** (Hereinafter referred as owner) by Pursuing the title deeds relating thereto and taking necessary searches and in my opinion the title of the owner in respect of the said property is clear, Marketable and free from encumbrances charges and/or claims except the term loan of **Rs.9,00,00,000/-** obtained from the **SBI Bank, Begumpura Branch, Surat by mortgaging schedule property.**

## :: SCHEDULE OF THE PROPERTY ::

All The Piece and Parcel of the Non agricultural Land Bearing Revenue **Survey No. 47, Block No. 55** Having Admeasuring Area **about 25924 sq. mt.** That Land is included in **Surat Urban Development Authority** town Planning **Scheme Number 45 (Navagam-Vav)** Allotted original **Plot No. 37 (Mulkhand) And final Plot No. 37** As per Final Plot having admeasuring area **about 15554 sq.mt. Having sub plot–1, Block No. 55/1, area 8712 sq. mt. Paki sub plot–2, Block No. 55/1/2, area 4759 sq. mt.** As Per Village Form number 7 and 12. **M/S. SARAL INFRA A Partnership Firm** is constructing various buildings for Residential purpose under name and style as "**SARAL HEIGHT**".

**Date : 13.01.2020**

**Surat**

(N.R.Maniya)

**N.R.MANIYA**

**(ADVOCATE)**

**N. R. MANIYA**
**ADVOCATE**
**201, Roman Point, Hirabaug,**
**Varachha Road, SURAT-6.**

Scanned with CamScanner

Mo : 95748 95000

N.R.MANIYA *(Advocate)*

201, Roman Point, Hirabaug, Varachha Road, Surat.

**Ref.:** **Date : 13.01.2020**

N.R. MANIYA ADVOCATE-SURAT.

# Title Clearance Report

**સુરત** જીલ્લાના **કામરેજ** તાલુકાના મોજે ગામ **નવાગામ** સીમની રેવન્યુ સર્વે નં.૪૭, બ્લોક નં.૫૫ થી નોંધાયેલી ૨૫૯૨૪ ચો.મી. જમીન જેને **ટી.પી. સ્કીમ નં.૪૫**(નવાગામ-વાવ) લાગુ પડતા **ફાયનલ પ્લોટ નં.૩૭**, જેનું ક્ષેત્રફળ ૧૫૫૫૪ ચો.મી. થયેલ છે. તેમાં સબ પ્લોટ નં. ૧ ની ૮૭૧૨ ચો.મી. જમીન પૈકી **સબ પ્લોટ નં. ૨ ની ૪૭૫૯ ચો.મી.** જમીન જેને **બ્લોક નં. ૫૫/૧/૨** આપવામાં આવેલ છે. તે બીનખેતીની જમીનનો ટાઇટલ રીપોર્ટ...

અમો એડવોકેટ શ્રી એન.આર.માણીયાને ઉપરોકત વર્ણનવાળી જમીન-મીલકત અંગે મેસર્સ સરલ ઇન્ફ્રા એક ભાગીદારી પેઢીના વહીવટકર્તા ભાગીદાર તરીકે ગોરધનભાઇ મોહનભાઇ કાનાણી તરફથી ટાઇટલ કલીયરન્સ રીપોર્ટની માંગણી કરતા તેઓએ મારી સમક્ષ રજુ કરેલા દસ્તાવેજી પુરાવાની નકલોનો અભ્યાસ કરીને સદરહું જમીન-મીલકતના ટાઇટલ બાબતેની ચકાસણી કરવા નીચે જણાવેલા દસ્તાવેજોની વિગત જોઇ.

(૧) રે.સ.નં.૪૭, બ્લોક નં.૫૫/૧ ની ૭/૧૨ ની નકલ.

(૨) રેવન્યુ રેકર્ડમા એન્ટ્રી નં.૨૦૯ ની નકલ.

(૩) રેવન્યુ રેકર્ડમા એન્ટ્રી નં.૪૮૨ ની નકલ.

(૪) રેવન્યુ રેકર્ડમા એન્ટ્રી નં.૭૧૨ ની નકલ.

(૫) રેવન્યુ રેકર્ડમા એન્ટ્રી નં.૨૫૭૫ ની નકલ

(૬) રેવન્યુ રેકર્ડમા એન્ટ્રી નં.૩૦૪૭ ની નકલ

(૭) રેવન્યુ રેકર્ડમા એન્ટ્રી નં.૩૦૭૯ ની નકલ

(૮) રેવન્યુ રેકર્ડમા એન્ટ્રી નં.૪૨૧૯ ની નકલ.

(૯) રેવન્યુ રેકર્ડમા એન્ટ્રી નં.૪૪૯૮ ની નકલ.

(૧૦) રેવન્યુ રેકર્ડમા એન્ટ્રી નં.૬૫૮૪ ની નકલ

(૧૧) રેવન્યુ રેકર્ડમા એન્ટ્રી નં.૭૧૦૦ ની નકલ

(૧૨) રેવન્યુ રેકર્ડમા એન્ટ્રી નં.૭૫૫૯ ની નકલ

Scanned with CamScanner

(૧૩) રેવન્યુ રેકર્ડમા એન્ટ્રી નં.૭૫૬૯ ની નકલ

(૧૪) રેવન્યુ રેકર્ડમા એન્ટ્રી નં.૭૭૩૮ ની નકલ

(૧૫) રેવન્યુ રેકર્ડમા એન્ટ્રી નં.૭૯૪૯ ની નકલ

(૧૬) કલેકટરશ્રી સુરતના બીનખેતીના હુકમની નકલ

(૧૭) રજી.વેચાણ દસ્તાવેજ નં. ૩૧૩, તા.૨૭.૦૩.૨૦૦૦ ની ફોટોકોપી નકલ

(૧૮) રજી.વેચાણ દસ્તાવેજ નં. ૧૮૦૯, તા.૨૧.૦૩.૨૦૦૬ ની નકલ

(૧૯) રજી.વેચાણ દસ્તાવેજ નં.૪૬૬૨/૨૦૧૮ ની નકલ

(૨૦) મહે.કામરેજના સબ રજીસ્ટ્રાર સમક્ષ સને્-૧૯૮૮ થી ૨૦૧૯ ના વર્ષ સુધીની ચર્ચ માટે કરેલ ચર્ચની રસીદ.

(૨૧) મહે.કામરેજના સબ રજીસ્ટ્રારશ્રીની તા.૨૦.૦૫.૨૦૧૯ ના રોજના મીલકત ઉપરના બોજા અંગેનું પત્ર.

(૨૨) જમીન-મીલકતના રેવન્યુ રેકર્ડ યાને ૭/૧૨ મુજબના માલીકનું સોગંદનામું.

આથી મારી સમક્ષ રજુ કરાયેલ ઉપર મુજબના દસ્તાવેજોને આધારે મારૂ તારણ યાને અભીપ્રાય એ પ્રમાણે છે કે...

## (A)….<u>History Of The property:</u>

**સુરત** ડીસ્ટ્રીકટના રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીકટ તાલુકો **કામરેજ**ના મોજે **નવાગામ** ગામે સીમની સ.નં.૪૭, બ્લોક નં.૫૫ ની ૨૫૯૨૪ ચો.મી. જમીન આવેલી છે. તે જમીન અગાઉ શ્રી ઇસુપ મહમદ ભાભા વિગેરેના નામે ચાલતી હતી. તે જમીનમાં ગ.ધા.ક.૩૨-જી હેઠળ મણીભાઇ મગનભાઇ ગણોતીયા ઠરેલા અને તે અંગેની ફેરફાર નોંધ હકકપત્રક દફતરે એન્ટ્રી નં.૨૦૯ થી કરવામાં આવેલ.

ત્યારબાદ સદર જમીનની ખરીદ કિંમત ભરપાઇ કર્યા અંગેની ૩૨-એમ નું પ્રમાણપત્ર મે.ખેતીની જમીનના ન્યાયાધિકરણ સાહેબ કામરેજ ટે.કે.નં.૫૨૨/૨૨/૦૩/૬૬ થી આપવામાં આવેલ અને તે અંગેની ફેરફાર નોંધ હકકપત્રકના દફતરે એન્ટ્રી નં. ૪૮૨ થી તા.૨૧.૦૭.૧૯૬૬ ના રોજ કરવામાં આવેલ.

ત્યારબાદ સદર નવાગામ ગામે એકત્રીકરણ યોજના અમલમાં આવતા સર્વે નંબરોની જમીનને બ્લોક નંબર આપવામાં આવેલ અને તે અંગેની ફેરફાર નોંધ હકક પત્રકના દફતરે એન્ટ્રી નંબર : ૭૧૨ થી તા.૨૨/૧૦/૧૯૭૨ ના રોજ કરવામાં આવેલ.

Scanned with CamScanner

ત્યારબાદ સદર મણીભાઇ મગનભાઇનું તા.૧૮/૦૧/૧૯૯૬ ના રોજ અવસાન થવાથી સદર જમીનમાંથી તેમનું નામ કમી કરી તેમનાં સીધીલીટીના વારસો તરીકે (૧) ઇચ્છાબેન તે મણીભાઇ મગનભાઇની વિધવા, (૨) મોરારભાઇ મણીભાઇ, (૩) રણછોડભાઇ મણીભાઇ, (૪) શંકરભાઇ મણીભાઇ તથા (૫) મંજુબેન મણીભાઇ વિગેરેના નામો સદર જમીનમાં વારસાઇ હકકે દાખલ કરવામાં આવેલ અને તે અંગેની ફેરફાર નોંધ હકકપત્રકના દફતરે એન્ટ્રી નં. ૨૫૭૫ થી તા.૧૮.૦૫.૧૯૯૬ ના રોજ કરવામાં આવેલ.

ત્યારબાદ સદર જમીન નવી શરતની હોઇ તેને મુળ નવી શરતમાંથી ખેતીના હેતુ માટે બીનખેતીના કામે પ્રિમીયમને પાત્ર કરી આપતી પરવાનગી મે.નાયબ કલેકટર સાહેબ ઓલપાડ વિભાગ સુરતના હુકમ નંબર : ન. શ. રજી. ૧૩૦ / સે. તુ. ૧૧૫ વશી. ૩૯૪ તા.૧૪.૦૨.૨૦૦૦ થી મેળવેલ અને તે અંગેની ફેરફાર નોંધ હકક પત્રકના દફતરે એન્ટ્રી નં. ૩૦૪૭ થી તા.૧૮.૦૨.૨૦૦૦ ના રોજ કરવામાં આવેલ.

ત્યારબાદ સદર જમીન (૧) ઠાકોરભાઇ પરભુભાઇ, (૨) પરેશભાઇ પરભુભાઇ તથા (૩) ભરતભાઇ પરભુભાઇ પટેલ વિગેરેએ ઇચ્છાબેન મણીભાઇ પાસેથી વેચાણ રાખેલ અને તે અંગેની ફેરફાર નોંધ હકક પત્રકના દફતરે એન્ટ્રી નં. ૩૦૭૯ થી તા.૧૪.૦૪.૨૦૦૦ ના રોજ કરવામાં આવેલ.

ત્યારબાદ સદર જમીન એલ.આર.સી. ૭/૧૨ માં નોંધ નંબર ૩૦૭૯ ની જગ્યાએ ૩૨૮૮ લખવામાં આવેલ હોઇ તે અંગેનો જરૂરી સુધારો મે.મામલતદાર સાહેબશ્રી કામરેજના હુકમ નં. જદક / સુધારો / વશી / ૦૫, તા.૨૪.૦૮.૨૦૦૫ થી નોંધ નંબર ૩૦૭૯ લખી આપતો જરૂરી સુધારા હુકમ કરવામાં આવેલ અને તે અંગેની ફેરફાર નોંધ હકક પત્રકના દફતરે એન્ટ્રી નં. ૪૨૧૯ થી તા.૨૬.૦૮.૨૦૦૫ ના રોજ કરવામાં આવેલ.

ત્યારબાદ સદર જમીન (૧) ઠાકોરભાઇ પરભુભાઇ, (૨) પરેશભાઇ પરભુભાઇ તથા (૩) ભરતભાઇ પરભુભાઇ પટેલ વિગેરે પાસેથી (૧) ગોરધનભાઇ મોહનભાઇ કાનાણી (એચ.યુ.એફ), (૨) હસમુખભાઇ નાથાભાઇ ઠેસીયા (એચ.યુ.એફ), (૩) જયંતીભાઇ માવજીભાઇ ભાલાળાઓએ વેચાણ રાખેલ અને તે સંબધીનો વેચાણ દસ્તાવેજ મે.સબ રજીસ્ટ્રાર સાહેબશ્રી કામરેજની કચેરીમાં ૧ નંબરની બુકમાં દસ્તાવેજ અનુક્રમ નંબર ૧૮૦૯ થી તા.૨૧.૦૩.૨૦૦૬ ના રોજ કરવામાં આવેલ અને તે અંગેની ફેરફાર નોંધ હકકપત્રકના દફતરે એન્ટ્રી નંબર ૪૪૯૮ થી તા.૦૫.૦૬.૨૦૦૬ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ પ્રમાણીત કરવામાં આવેલ.

Scanned with CamScanner

ત્યારબાદ સદર જમીન નવી શરતની હોઇ તેને ખેતીમાંથી રહેઠાણ તથા વાણીજય હેતુમાં ફેરવવા અંગેની પ્રિમીયમની રકમ ગોરધનભાઇ મોહનભાઇ કાનાણી(એચ.યુ.એફ.) વિગેરેનાઓ તરફથી ભરપાઇ કરવામાં આવેલ અને તે અન્વયે સદર જમીનને ખેતીની રહેણાંક કમ વાણીજય હેતુ માટે જુનીશરતમાં ફેરવી આપતો હુકમ મે.કલેકટર સાહેબશ્રીના હુકમ નં. ગણત-૪ / વશી. ૨૪૯૩ થી ૨૫૦૨ / ૧૫ ઓનલાઇન ફાઇલ નં. ૧૧૧૧૧ તા.૦૪.૦૧.૨૦૧૬ થી મેળવેલ અને તે અંગેની ફેરફાર નોંધ હકકપત્રક દફતરે એન્ટ્રી નંબર ૭૧૦૦ થી તા.૧૨.૦૧.૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ.

સદર જમીન જયા આવેલી છે ત્યાં સુરત શહેરી વિકાસ સત્તામંડળ (સુડા) દ્વારા ડ્રાફટ ટી.પી.નંબર : ૪૫ (નવાગામ-વાવ) લાગુ પડતા સદર જમીનને ટી.પી. નંબર ૪૫ ના ફાયનલ પ્લોટ નં.૩૭, ક્ષેત્રફળ ૧૫૫૫૪ ચો.મી. જમીન ફાળવવામાં આવેલ છે.

ત્યારબાદ સદર જમીનના ભાગલાની વિકાસ પરવાનગી સુરત શહેરી વિકાસ સત્તામંડળ સુરતના પત્ર નં. સુડા / યુ.૪ / વિ.પ.અ.-૪૧૨૦, તા.૩૧.૦૫.૨૦૧૭ થી સબ પ્લોટ નં. ૧ (એક) જેનું ક્ષેત્રફળ ૮૭૧૨ ચો.મી. તથા સબ પ્લોટનં. ૨ (બે) જેનું ક્ષેત્રફળ ૬૮૪૨ ચો.મી. ફાળવેલ.

ત્યારબાદ સદર જમીનની વિકાસ પરવાનગી સુરત શહેરી સતા મંડળ સુરતના પત્ર નં. સુડા / યુ.૪ / વી.પ.અ.-૪૧૨૨, તા.૩૧.૦૫.૨૦૧૭ થી સબ પ્લોટ નં. ૨ (બે) ની મેળવેલ..

ત્યારબાદ સદર જમીનની વિકાસ પરવાનગી સુરત શહેરી વિકાસ સતા મંડળ સુરતના પત્ર નં. સુડા / યુ.૪ / વી.પ.અ.-૪૧૪૧, તા.૩૧.૦૫.૨૦૧૭ થી સબ પ્લોટ નં. ૧ (એક) ની મેળવેલ.

ત્યારબાદ સદર જમીનને ખેતીમાંથી રહેઠાણ તથા વાણીજય હેતુ માટે બિનખેતીમાં ફેરવી આપતી પરવાનગી મે.કલેકટર સાહેબશ્રી સુરતના હુકમ નં. ક્રમાકઃ એ. / જમન / તત્કાલ / બિનખેતી / Sr.No.69 / 17 / ID No. 105194 / વશી-૨૮૭૧ થી ૨૮૮૩ / ૨૦૧૭, તા.૦૧.૦૫.૨૦૧૭ થી ફા.પ્લોટ નં. ૩૭ ની કુલ ૧૫૫૫૪ ચો.મી. જમીન પૈકી ૧૪૩૬૭.૬૫ ચો.મી. જમીન રહેણાંકના હેતુ માટે તથા બાકી રહેતી ૯૧૬.૩૫ ચો.મી. જમીનને વાણીજયના હેતુ માટે બીનખેતીની પરવાનગી મેળવવામાં આવેલ છે અને તે અંગેની ફેરફાર નોંધ હકકપત્રકના દફતરે એન્ટ્રી નં. ૭૫૫૯ થી તા.૧૯.૦૬.૨૦૧૭ ના રોજ કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું બ્લોક નં. ૫૫ વાળી જમીનની કેજેપી મે.જીલ્લા ઇન્સ્પેકટર સાહેબશ્રી લેન્ડ રેકર્ડઝ સુરતના પત્રક્રમાંક : કેજેપી એસ.આર.૬૭/૧૭-૧૮ તા.૧૪.૦૭.૧૭ થી કરવામાં આવેલ. સદર દુરસ્તી થતા સદરહું જમીનને બ્લોક નં. ૫૫/૧ આપવામાં આવેલ અને ક્ષેત્રફળ

Scanned with CamScanner

૮૭૧૨ ચો.મી. ફાળવવામાં આવેલ. તે અંગેની ફેરફાર નોંધ હકકપત્રકના દફતરે એન્ટ્રી નં. ૭૫૬૯ થી તા.૧૪.૦૭.૨૦૧૭ ના રોજ પાડવામાં આવેલી. જે નોંધ તા.૦૮.૦૯.૨૦૧૭ ના રોજ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદર બ્લોક નં.૫૫, ટી.પી.સ્કીમ નં.૪૫ (નવાગામ-વાવ), ફા.પ્લોટ નં.૩૭ ની ૧૫૫૫૪ ચો.મી. જમીન પૈકી ૧૪૬૩૭.૬૫ ચો.મી. જમીન રહેણાંકના હેતુ માટે તેમજ ૯૧૬.૩૫ ચો.મી. જમીન વાણીજય હેતુ માટે બિનખેતી થયેલી જમીન પૈકી રહેણાંકના હેતુ માટે એન.એ.થયેલ. જમીન પૈકી સબ પ્લોટ નં. ૧ (એક), બ્લોક નં. ૫૫/૧ ની ૮૭૧૨ ચો.મી. ખુલ્લી જમીન તેના માલીકો (૧) ગોરધનભાઇ મોહનભાઇ કાનાણી (એચ.યુ.એફ), (૨) હસમુખભાઇ નાથાભાઇ ઠેસીયા(એચ.યુ.એફ), (૩) જયંતીભાઇ માવજીભાઇ ભાલાળા પાસેથી હમો બીજા પક્ષના યાને **મેસર્સ સરલ ઇન્ફ્રા એક ભાગીદારી પેઢી** એ રજી.વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ. જે અંગેનો રજી.વેચાણ દસ્તાવેજ મહે.કામરેજના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં ૧ નંબરની બુકમાં દસ્તાવેજ અનુક્રમ નં. ૪૬૬૨ થી તા.૦૧.૦૩.૨૦૧૮ ના રોજ નોંધાયેલ છે. તે અંગેની ફેરફાર નોંધ હકકપત્રકના દફતરે એન્ટ્રી નં. ૭૭૩૮ થી તા.૧૭.૦૫.૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ. જે નોધ તા.૧૨.૦૯.૨૦૧૮ ના રોજ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ સદરહું બ્લોક નં. ૫૫/૧ વાળી જમીનની કે.જે.પી. મે.જીલ્લા ઇન્સ્પેકટર સાહેબશ્રી લેન્ડ રેકર્ડઝ સુરતના પત્ર ક્રમાંક : કે.જે.પી./એસ.આર.૩૭/૧૯-૨૦, દુરસ્તી પત્રક નં.૫૩, તા.૧૦.૦૬.૨૦૧૯ થી દુરસ્તી થતા સદરહું જમીનને બ્લોક નં. ૫૫/૧/૨ આપવામાં આવેલ અને ક્ષેત્રફળ ૪૭૫૯.૦૦ ચો.મી. ફાળવવામાં આવેલ. તે અંગેની ફેરફાર નોંધ હકકપત્રકના દફતરે એન્ટ્રી નં. ૭૯૪૯ થી તા.૧૧.૦૬.૨૦૧૯ ના રોજ પાડવામાં આવેલી. જે નોંધ તા.૩૧.૦૭.૨૦૧૯ ના રોજ પ્રમાણીત થયેલ છે. આમ, એ રીતે સદરહું જમીન-મીલકત **મેસર્સ સરલ ઇન્ફ્રા એક ભાગીદારી પેઢી** એકલા સ્વતંત્ર અને સંપુર્ણ માલીક, મુખત્યાર, કબજેદાર અને વહીવટદાર થયેલ અને ચાલી આવેલ.

## (B)....Titel of Property:

સદર મીલકત બાબતે અમોએ તારીખ ૧૩-૦૧-૨૦૨૦ ના રોજ મહે.કામરેજના સબ-રજીસ્ટ્રારશ્રીની કચેરીમા પહોંચ નં.૨૦૨૦૧૧૫૦૦૧૫૬૯, અરજી નં. ૮૯૯ હેઠળ નિયત ફી ભરી સને ૧૯૮૮ થી ૨૦૨૦ એમ કુલ ૩૨ વર્ષની સર્ચ યાને શોધ લીધેલ છે. જેમાં સદરહું મીલકત ઉપર **સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા, બેગમપુરા શાખા, સુરત** તરફથી **રૂા.૯,૦૦,૦૦,૦૦૦/- અંકે રૂપિયા નવ કરોડ નું ધિરાણ મેળવેલુ છે.** જે અંગેનો મોર્ગેઝ

Scanned with CamScanner

દસ્તાવેજ મહે.કામરેજના સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં. ૧૮૮૬૬ થી તા.૧૧.૧૧.૨૦૧૯ ના રોજ નોંધાયેલ છે. તે સીવાય સદરહું જમીન-મીલકત પર બીજી કોઇ સંસ્થા કે બેંકનું કોઇ તારણ કે કોઇ પણ પ્રકારનો બોજો નોંધાયેલ નથી. સદર સર્ચની રસીદ આ સાથે સામેલ કરેલ છે. તેમજ હાલના ૭/૧૨ મુજબના માલીકનું સવિસ્તાર સોગંદનામું સામેલ છે. જેમાં તેઓએ સ્પષ્ટ જણાવેલ છે કે; સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા, બેગમપુરા શાખા, સુરત સીવાય કોઇનું લેણું બાકી નથી કે સદર મીલકત કોઇને વેચાણ કે ટ્રાન્સફર, એસાઇન કરેલ નથી.

## (C) ....My Report And Opinion:

ઉપરોકત મુજબની હકીકતે તથા મારી સમક્ષ રજુ થયેલ દસ્તાવેજો તથા અમોએ કરેલ ઉપરની વિગતેની શોધ તથા તપાસને આધારે હમોએ કાઢેલ તારણ અનુસાર મારો અભીપ્રાય નીચે મુજબ છે.

**સુરત ડીસ્ટ્રીકટના રજીસ્ટ્રેશન સબ ડીસ્ટ્રીકટ તાલુકો કામરેજના મોજે નવાગામ ગામની સીમની રેવન્યુ સર્વે નં.૪૭, બ્લોક નં.૫૫ થી નોંધાયેલી ૨૫૯૨૪ ચો.મી. જમીન જેને ટી.પી.સ્કીમ નં. ૪૫ (નવાગામ-વાવ) લાગુ પડતા ફાયનલ પ્લોટ નં.૩૭, જેનું ક્ષેત્રફળ ૧૫૫૫૪ ચો.મી. થયેલ છે. તેમાં સબ પ્લોટ નં. ૧ ની ૮૭૧૨ ચોરસ મીટર જમીન પૈકી સબ પ્લોટ નં. ૨ ની ૪૭૫૯ ચો.મી. જમીન જેને બ્લોક નં. ૫૫/૧/૨ આપવામાં આવેલ છે. તે બીનખેતીની જમીન કે જેનું ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.૦-૪૭-૫૯ યાને ૪૭૫૯ ચો.મી. છે. તે બીનખેતીની જમીન-મીલકત મેસર્સ સરલ ઇન્ફ્રા એક ભાગીદારી પેઢીના વહીવટ કર્તા ભાગીદારો (૧) ગોરધનભાઇ મોહનભાઇ કાનાણી (૨) સુનિલભાઇ મગનભાઇ પટેલ ની માલીકી હકકે ચાલી આવેલ છે. તથા સદરહું જમીન-મીલકત ઉપર સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા, બેગમપુરા શાખા, સુરત તરફથી રૂા.૯,૦૦,૦૦,૦૦૦/- અંકે રૂપિયા નવ કરોડ નું ધિરાણ મેળવેલુ છે. તે સીવાય અન્ય કોઇનો કોઇ પણ પ્રકારનો બોજો, હકક લીયન યા ઇઝમેન્ટના રાઇટ્સ નથી.**

તા.૧૩.૦૧.૨૦૨૦

સુરત

N. R. MANIYA ADVOCATE-SURAT.

(N.R. Maniya)
એન.આર. માણીયા

એડવોકેટ

**N. R. MANIYA**
**ADVOCATE**
201, Roman Point, Hirabaug,
Varachha Road, SURAT-6.

Scanned with CamScanner